પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૯ | ૨૦ માર્ચ, ૨૦૨૧, શનિવાર; ફાગણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યમાં કોરોનાનો હાહાકાર : નવા ૧૪૧૫ કેસ

**રાજ્યમાં ૨૪ કલાકમાં ચાર વ્યક્તિનું મોત : અત્યાર સુધીમાં કુલ ૨૭૩૨૮૦ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૩૪૪ કેસ**

ગાંધીનગર,તા.૧૯

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કુલ ૧૪૧૫ દર્દીઓ નોંધાયા હતા. તેની સામે ૯૪૮ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. આજે અમદાવાદ કોર્પોરેશનમાં ૩૩૫, સુરત કોર્પોરેશનમાં ૩૪૯, વડોદરા કોર્પોરેશનમાં ૧૨૭ અને રાજકોટ કોર્પોરેશનમાં ૧૧૫ કેસ નોંધાયા હતા. જ્યારે અમદાવાદમાં ૧, રાજકોટમાં ૧, સુરતમાં ૧ અને સુરેંદ્રનગરમાં ૧ એમ કુલ ચાર વ્યક્તિના મોત થયા છે. જો કે, રાજ્યમાં કોરોનાનો કુલ આંક ૨,૮૩,૮૬૪ પર પહોંચી ગયો છે. જ્યારે કુલ રિકવર દર્દીઓ ૨,૭૩,૨૮૦ છે. આ સાથે કોરોનાથી દર્દીઓનો મૃત્યુઆંક ૪,૪૩૭ પર પહોંચ્યો છે. રાજ્યમાં તમામ મહાનગરપાલિકામાં કોવિડ-૧૯ રસીકરણ દ્વારા વધુમાં વધુ લાભાર્થીઓને સમય-મર્યાદામાં આવરી લેવાય તે હેતુસર તમામ મહાનગરપાલિકામાં કોવિડ-૧૯ વેક્સીનેશન માટે ગાઈડ લાઈન મુજબ વધુમાં વધુ સેશનનું



આયોજન કરવામાં આવશે. કોવિડ વેક્સીનેશન સેન્ટર ખાતે રાત્રિના ૯.૩૦ વાગ્યા સુધી કોવિડ રસીકરણ કરવામાં આવશે. અત્યાર સુધીમાં કુલ ૨૬,૪૧,૯૦૫ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૫,૮૪,૪૮૨ વ્યક્તિઓના બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું છે. આમ કુલ ૩૨,૨૬,૩૮૭ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા છે. આજે ૬૦ વર્ષથી વધુ વયના તેમજ ૪૫ થી ૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૨,૨૧,૮૧૪ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીના કારણે ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં કોવિડ-૧૯ના ૧૪૧૫ દર્દીઓ નોંધાયા છે. અને રાજ્યભરમાંથી ૯૪૮ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. આ સાથે જ રાજ્યનો રીકવરી રેટ ૯૬.૨૭ ટકા જેટલો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોના લીધે ૨,૭૩,૨૮૦ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં હાલ ૬૧૪૭ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૬૭ છે.

## મુંબઈમાં મોલમાં પ્રવેશ માટે ટેસ્ટ ફરજિયાત

**દેશમાં સૌથી નાજૂક સ્થિતિ મહારાષ્ટ્રમાં – મુંબઈમાં પણ કેસની સંખ્યામાં ભારે ઉછાળો આવતા બૃહદ મુંબઈ કોર્પોરેશન દ્વારા કડક પગલાં લેવાયા : બધા મોલની બહાર સ્વેબ કલેક્શન ટીમ તૈનાત**



મુંબઈ, તા. ૧૯

પાછલા ૨૪ કલાકમાં દેશમાં ૪૦,૦૦૦ની નજીક પહોંચીને ન્યૂઝ એજન્સીના રિપોર્ટ્સ મુજબ ૩૯,૭૨૬ નવા કોરોનાના પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે દેશમાં ગયા વર્ષની સરખામણી કરતા વધારે ઝડપથી કોરોનાના કેસ વધી રહ્યા છે. જેમાં મહારાષ્ટ્રની સ્થિતિ સૌથી નાજુક છે અહીં ઝડપથી વધી રહ્યા છે.

મહારાષ્ટ્રમાં ૨૫,૦૦૦ કરતા પણ વધારે કેસ ગુરુવારે નોંધાયા છે. આવામાં મુંબઈમાં પણ કેસની સંખ્યામાં ઉછાળો આવતા બૃહદ મુંબઈ કોર્પોરેશન દ્વારા કડક પગલા ભરવાના શરુ કરી દેવામાં આવ્યા છે. જેમાં હવે મુંબઈમાં મોલમાં પ્રવેશ કરનારા લોકોનો ફરજિયાત કોરોના ટેસ્ટ કરવામાં આવશે. મહારાષ્ટ્રમાં નોંધાયેલા ૨૫,૮૩૩ નવા પોઝિટિવ કેસમાંથી મુંબઈમાં પાછલા ૨૪ કલાકમાં ૨,૮૭૭ નવા કેસ નોંધાયા છે.

આવામાં સતત વધતા કેસને ડામવા માટેના પ્રયાસો શરુ કરી દેવામાં આવ્યા છે. મુંબઈમાં કોરોનાના કેસમાં વૃદ્ધિને જોતા હવે કોઈ પણ વ્યક્તિને શહેરના મોલમાં એન્ટ્રી કરતા પહેલા કોરોના ટેસ્ટ ફરજિયાત રીતે કરાવવો પડશે. એટલે કે તમામ મોલની બહાર સ્વેબ કલેક્શન ટીમને તૈનાત કરવામાં આવી છે.

## કોરોનાની વેક્સિન સંપૂર્ણ સુરક્ષિત, નહિવત આડઅસર

**સુરક્ષા, પ્રભાવની દ્રષ્ટિએ અને કોરોના વાયરસની સામે એન્ટી બોડી પેદા કરવાના ધારાધોરણો પર ખરી ઉતરેલ છે : કેન્દ્રીય આરોગ્યમંત્રીની સ્પષ્ટતા**

નવી દિલ્હી, તા. ૧૯

કોરોનાના વધતા જતા કેસ વચ્ચે કેન્દ્રના આરોગ્ય મંત્રી હર્ષ વર્ધને ફરી એક વખત કહ્યુ છે કે, અફવાઓથી ગેરમાર્ગે દોરાવાની જરુર નથી.કોરોનાની વેક્સીન સંપૂર્ણપણે સુરક્ષિત છે.

સંસદમાં એક સવાલના જવાબમાં ડો. હર્ષવર્ધને કહ્યુ હતુ કે, દુનિયાભરમાં વૈજ્ઞાનિક રીતે તમામ પ્રકારનુ એનાલિસીસ કર્યા બાદ રસીને મંજૂરી અપાઈ છે અને આપણે તેના પર વિશ્વાસ કરવો પડશે. ભારતમાં જે બે રસીને મંજૂરી અપાઈ છે તે રસી સુરક્ષા, પ્રભાવની દ્રષ્ટિએ અને કોરોના વાયરસ સામે એન્ટી બોડી પેદા કરવાના ધારાધોરણો પર ખરી ઉતરેલી છે. દેશવાસીઓએ કોરોનાની રસીને લઈને કોઈ ભ્રમમાં રહેવાની જરુર નથી.

તેમણે આગળ કહ્યુ હતુ કે, તમામ પ્રકારના પરીક્ષણો બાદ દેશમાં રસીને મંજૂરી અપાઈ છે અને તમામે તેનો લાભ ઉઠાવવો જોઈએ. ભૂતકાળમાં પોલિયો જેવી બીમારીને પણ રસીની મદદથી જ ખતમ કરવામાં આવી હતી. ક્લિનિકલ ટ્રાયલના જે પરિણામ આવે છે તેના આધારે નિષ્ણાતોની બનેલી સમિતિઓ રસીના ઉપયોગને મંજૂરી આપે છે.

## ભારતે અણુ મિસાઈલને ટ્રેક કરી શકે એવું નૌકા જહાજ તૈનાત કર્યું

**સર્વેલન્સ જહાજ ધરાવતો ભારત વિશ્વનો પાંચમો દેશ, યુએસ, ચીન, રશિયા, ફ્રાન્સ પાસે મિસાઈલ ટ્રેકિંગ વેસલ**

નવી દિલ્હી, તા. ૧૯

ભારતે પરમાણુ મિસાઈલને ટ્રેક કરી શકે એવું નૌકા જહાજ તૈનાત કરી દીધું છે. વીસી-૧૧૮૮૪ એવુ સાંકેતિક નામ ધરાવતું આ જહાજ ઑક્ટોબર ૨૦૨૦માં જ લૉન્ચ કરી દેવાયું હતું. પરંતુ અન્ય જહાજોની માફક તેના લોન્ચિંગનો કાર્યક્રમ રખાયો ન હતો કે વિગતો જાહેર કરવામાં પણ આવી ન હતી. અંગ્રેજી અખબાર ધ ઈકોનોમિક ટાઈમ્સે આ અંગેનો અહેવાલ પ્રગટ કર્યા પછી દેશ-દુનિયાને તેની જાણકારી મળી હતી. કોઈ દેશ દ્વારા પરમાણુ મિસાઈલ રવાના કરવામાં આવે તો એ દૂર હોય ત્યાં જ તેની જાણકારી મળે એ બહુ જરૂરી છે. એ માટે વિવિધ પ્રકારની વોર્નિંગ સિસ્ટમ નેશનલ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ હેઠળ તૈયાર કરવામાં આવી રહી છે. આ જહાજ પણ તેનો જ ભાગ છે. આ પ્રકારનું સર્વેલન્સ જહાજ ધરાવતો ભારત જગતનો પાંચમો દેશ બન્યો છે. અમેરિકા, ચીન, રશિયા અને ફ્રાન્સ પાસે મિસાઈલ ટ્રેકિંગ વેસલ છે. આ જહાજનું બાંધકામ ભારતમાં જ થયું છે. એ બાંધકામની માહિતી સેટેલાઈટ ઈમેજિસ દ્વારા અન્ય દેશોને ન મળે એટલે ઘણી ખરી કામગીરી હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડના કવર થયેલા ડોમમાં કરવામાં આવી હતી. ભારતનું આ જહાજ અન્ય પરંપરાગત નૌકા જહાજો કરતાં અલગ છે. તેના તૂતક પર વિવિધ શસ્ત્રો ઓછા છે, પણ ૩ મોટા ડોમ છે. જેનું કામ દૂરથી મિસાઈલને પારખી લેવાનું છે.

# દેશમાં નવા ૪૦ હજાર કેસ

ન્યુ દિલ્હી,તા.૧૯

૧૦ મહિના પછી ભારતમાં ૫ દિવસમાં આટલા ઝડપથી કેસ વધતા નોંધાયા છે. આ દરમિયાન ૭ દિવસના સમયગાળામાં ૩૯%નો કોરોના કેસમાં વધારો નોંધાયો છે. દિવસમાં આટલા બધા કેસ પાછલા વર્ષે ૨૮ નવેમ્બરના રોજ નોંધાયા છે. કોરોનાના વધી રહેલા કેસના કારણે મહારાષ્ટ્ર સૌથી વધુ સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. મહારાષ્ટ્રમાં કોરોનાના નવા અચાનક વધી ગઈ છે. મહારાષ્ટ્રમાં થાણે, ઔરંગાબાદ, નાંદેડ, અમરાવતી, અકોલા, નાંદુરબાર જેવા વિસ્તારોમાં કોરોનાના કેસ વધી રહ્યા છે.

નવા નોંધાયેલા કેસમાં સૌથી

**નવા કેસોનો રાફડો ફાટતાં સતત નવમાં દિવસે ઉછાળો, વધુ ૧૫૪ દર્દીનાં મોત : મોટા ભાગના રાજ્યોમાં કોરોના પોઝિટિવ કેસ વધતા નિયંત્રણો લાગુ કરાયા, જેમાં ગુજરાત, પંજાબ, મધ્ય પ્રદેશમાં રાત્રિ કર્ફ્યૂ જાહેર : મહારાષ્ટ્રમાં ૨૪ કલાકમાં ૨૫૮૩૩૩ પોઝિટિવ કેસ નોંધાતા ફફડાટ**

ભારતમાં કોરોનાના નવા કેસનો આંકડો ૪૦,૦૦૦ની એકદમ નજીક પહોંચી ગયો છે, ગુરુવારે એટલે પાછલા ૨૪ કલાકમાં દેશમાં ૩૯,૬૭૦ નવા કેસ નોંધાયા છે. આ પહેલા એક ૨૫,૮૩૩ કેસ નોંધાયા છે અને તે સપ્ટેમ્બર બાદનો સૌથી મોટો આંકડો છે. હવે મહારાષ્ટ્રમાં મુંબઈ-નાગપુર-પુણે-નાસિક જેવા મોટા શહેરો ઉપરાંત હવે ટિયર-૨ શહેરોમાં પણ કોરોનાની ગતિ વધુ કેસ મહારાષ્ટ્રમાં ૨૫,૮૩૩ નોંધાયા છે, ૧૫ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં જાન્યુઆરી કે તે પહેલાના સૌથી વધુ એક દિવસના કેસનો રેકોર્ડ તૂટ્યો છે.

પાછલા ૫ દિવસમાં, સરેરાશ ૭ દિવસ પ્રમાણે જોઈએ તો દરરોજના નવા કેસમાં ૫%નો વધારો નોંધાયો છે. આંકડાઓ પ્રમાણે પાછલા મે મહિનામાં કોરોનાના કેસમાં સતત ૫ દિવસ દરમિયાન ઉછાળો નોંધાતો હતો તે પ્રમાણે ફરી દરરોજના કેસમાં નોંધાઈ રહ્યા છે. આ પહેલા, દરરોજ નોંધાતા નવા કેસના ઉછાળામાં ૧૯થી ૨૨ મે દરમિયાન ૫% કરતા વધુનો ઉછાળો નોંધાતો હતો.



## સચિન વાજે બાદ મહારાષ્ટ્રના ગૃહમંત્રીને હટાવવાની અટકળ

**એન્ટિલિયા બહાર વિસ્ફોટકો ભરેલી ગાડીનો કેસ : દેશમુખની શરદ પવાર સાથે બે કલાક બેઠક, નારાયણ રાણેએ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માગણી કરી**

નવી દિલ્હી, તા. ૧૯

મુંબઈમાં ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના એન્ટિલિયા ઘરની બહાર વિસ્ફોટકો ભરેલી કાર મુકવામાં મુંબઈ પોલીસના અધિકારી સચિન વાજેની સંડોવણી બહાર આવ્યા બાદ મહારાષ્ટ્રમાં રાજકીય મોરચે પણ હલચલ તેજ થઈ છે.

વાજેની એનઆઈએ દ્વારા ધરપકડ કરાઈ છે અને તેમને સસ્પેન્ડ પણ કરી દેવાયા છે ત્યારે હવે આ મામલામાં મહારાષ્ટ્રના ગૃહ મંત્રી પદેથી અનિલ દેશમુખને હટાવવામાં આવશે તેવી અટકળો તેજ બની છે.દરમિયાન દિલ્હીમાં શરદ પવાર અને અનિલ દેશમુખ વચ્ચે આજે એક બેઠક પણ યોજાઈ હતી. બે કલાક સુધી ચાલેલી બેઠક બાદ પવારના ઘરમાંથી દેશમુખ બહાર નીકળતા નજરે પડ્યા હતા.


એ પછી દેશમુખે કહ્યુ હતુ કે, કેટલીક ભૂલો જોવા મળી છે અને તે માફીને લાયક નથી. પોલીસ

● અનુસંધાન પાન-૭ પર

### આઈપીએસ સંજય પાંડે અચાનક રજા પર ઉતરી જતાં અનેક તર્ક-વિતર્ક

મુંબઈ,તા.૧૯

મહારાષ્ટ્ર પોલીસના સૌથી સિનિયર અધિકારી ૧૯૮૬ બેચના IPS સંજય પાંડે રજા પર ચાલ્યા ગયા છે. તેમણે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને લેટર લખીને સ્પષ્ટ કર્યું છે કે તેમને લાગે છે કે સેવામાં પરત ફરવું કે નહિ તે વિચારવાનો સમય આવી ગયો છે. બુધવારે હ્ય્હોમગાર્ડમાંથી મહારાષ્ટ્ર સ્ટેટ સિક્યોરિટી ફોર્સમાં ટ્રાન્સફર થયા પછી સંજય પાંડેએ આ લેટર લખ્યો છે.



**રજા પર જઈ રહ્યો છું, ભાગ્યેજ પોલીસ ફોર્સમાં પરત ફરું: પાંડે**

પાંડેની જગ્યાએ મુંબઈ કમિશ્નરના પદ પર રહેલા પરમબીર સિંહને હોમગાર્ડના DG બનાવવામાં આવ્યા છે. પરમબીર સિંહને એન્ટિલિયા કેસમાં સચિન વઝેની ધરપકડ પછી હટાવવામાં આવ્યા છે. પાંડે કહે છે કે કોઈ પણ સરકાર આવે અમને સાઈડ પોસ્ટિંગમાં જ રાખે છે. વર્તમાન સરકાર પણ અમારુ કેરિયર ખરાબ કરવામાં કોઈ પણ કસર છોડી રહી નથી. પાંડેએ કહ્યું કે મે ૨૦ દિવસની રજા માંગી છે. મે તેના માટે પર્સનલ કારણ જ લખ્યું છે. પરંતુ નોકરી મારે કરવાની છે. મારી નોકરીમાં હવે સવા વર્ષ બચ્યા છે. મને એ વિચારવા માટે સમય જોઈએ કે હું નોકરી કરું કે નહિ.

## ભારતના જીડીપી રેટમાં ૨૦૨૧માં ૫ ટકા વૃદ્ધિ જોવા મળશે : યુએન રિપોર્ટ

યુએન,તા.૧૯

ભારતીય અર્થવ્યવસ્થામાં કોરોના વાયરસ મહામારીના કારણે ૨૦૨૦માં ૬.૯ ટકા ઘટાડો થવાનું અનુમાન છે. પરંતુ ૨૦૨૧માં આમાં ૫ ટકા વૃદ્ધિની સાથે ‘મજબુત સુધાર’નું અનુમાન છે. એવું સંયુક્ત રાષ્ટ્રના એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતનું નવું બજેટ ડિમાન્ડ વધારવા માટેના પ્રોત્સાહન પર ભાર મુકે છે. જેમાં સાર્વજનિક રોકાણના વધારાનો ઉપયોગ કરી શકાય છે. સંયુક્ત રાષ્ટ્ર વ્યાપાર તથા વિકાસ સમ્મેલન દ્વારા વ્યાપાર અને વિકાસ રિપોર્ટ ૨૦૨૦ના આ અધ્યતન રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વૈશ્વિક અર્થવ્યવસ્થામાં આ વર્ષે ૨૦૨૧માં ૪.૭ ટકા વૃદ્ધિનું અનુમાન છે. આ પહેલા સપ્ટેમ્બરમાં ૨૦૨૦માં લગાવવામાં આવેલા ૪.૩ ટકાનાં અનુમાન કરતા વધારે છે.







